જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૧૨/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૨૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૨૫૦ લીટર દેશી દારૂ, ૧૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૩૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૧ કાર, ૧ રીક્ષા અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૨૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૨૯/૨૦૨૩

**નારોલઃ** પંજાભાઇ ઉર્ફે પ્રવિણભાઇ ઉકાભાઇ સાંખલા (ઉ.વ.૫૫)(રહે.રાધે રેસીડેન્સી ફ્લેટ રઘુનંદન ફ્લેટ પાસે શાહવાડી લાંભા રોડ નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૧૭/૧૨/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૮૫૦૦/-, રોકડ રૂપિયા ૧,૮૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૮૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૨૦૩૦/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** સચીનભાઈ રાજકુમાર વાનખેડે (ઉ.વ.૩૨)(રહે.રબારી વાસ, ચામુંડાનગર, સેક્ટર-૩ ની બાજુમાં, ચાણક્યપુરી, ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૩ સાંજના ૪/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** વિપુલ મનુભાઈ મકવાણા (ઉ.વ.૨૯)(રહે.દશરથ મુખીની ચાલી કબાડી માર્કેટ નંબર-૦૩ પાસે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૩ સાંજના ૫/૪૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ પશ્ચિમ તરફના ભાગે સી.ડી નંબર-૪૮ ની બાજુ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રણછોડભાઈ ચલાવે છે.

**ચાંદખેડાઃ** દિનેશ રામકિશન ચૌબે (ઉ.વ.૩૬)(રહે.ગણેશનગર નર્સરી વિસત ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૩ ના કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભગીરથસિંહ અનોપસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી